

# મીડિયાનાં

## કાળાં કરતૂતો અને રાષ્ટ્રદ્રોહ

લેખક : રાજેશ શર્મા




પેઈડ ન્યૂઝ, અશ્લીલતા, હિંદુત્વ પર પ્રહાર, મોંઘવારી, ગોટાળા,
આતંકવાદીઓ અને ભ્રષ્ટાચારી નેતાઓનો બચાવ, ભારતની આર્થિક લૂંટ તથા
એને ઈસાઈ રાષ્ટ્ર બનાવવામાં મદદ કરીને મીડિયા કેવી રીતે કરે છે ભારત સાથે દગો ?

# ક્રોણ ચલાવે છે ભારતનાં મીડિયા ?

| મીડિયા લોગો | મીડિયાનું નામ | મીડિયા સંચાલન |
|---|---|---|
| NDTV | એન.ડી. ટી.વી. | એને સ્પેન (યુરોપ) સ્થિત ગોસ્પેલ્સ ઓફ ચેરિટીથી આર્થિક મદદ મળે છે. આ ભારતની એકમાત્ર ચેનલ છે કે જે અધિકૃત રૂપે પાકિસ્તાનમાં દેખાડાય છે. |
| CNN IBN, CNBC, IBN7 | સી.એન.એન. આઈ.બી.એન.-૭ સી.એન.બી.સી. | સાઉદર્ન બેપિટિસ્ટ ચર્ચ દ્વારા ૧૦૦% આર્થિક મદદ પ્રાપ્ત. આ ચર્ચ દર વર્ષે પોતાની ચેનલના વિસ્તાર માટે ૮૦૦ મિલિયન ડોલર ખર્ચે છે. ભારતમાં એના પ્રમુખ રાજદીપ સરદેસાઈ છે. |
| आज तक, India Today Group, तेज़, Headlines Today | આજ તક, ઇન્ડિયા ટુડે, તેજ ન્યૂઝ, હેડલાઈન ટુડે | આ સમૂહની બધી ચેનલોના અને સામયિકોના મુખ્ય તંત્રી એમ.જે. અકબર છે, જે કોંગ્રેસના ધારાસભ્ય પણ રહી ચૂકેલ છે. |
| STAR न्यूज़, STAR ग्रुप के सभी चैनल | સ્ટાર ટી.વી. ગ્રુપ | એક ઓસ્ટ્રેલિયન વ્યક્તિ એનું સંચાલન કરે છે, જેને મેલબોર્ન સ્થિત સેન્ટ પીટર્સ પોન્ટીફિકલ ચર્ચ દ્વારા આર્થિક મદદ મળે છે. |
| KAIRALI | કૈરાલી ટી.વી. | કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇંડિયા માર્કસવાદી દ્વારા સંચાલિત. |
| THE TIMES GROUP, Hindustan Times | ધી ટાઈમ્સ ઓફ ઇન્ડિયા, મિડ ડે, નવભારત ટાઈમ્સ, સ્ટાર ડસ્ટ, ફેમિના, વિજય ટાઈમ્સ, વિજય કર્નાટક, ટાઈમ્સ નાઉ, હિંદુસ્તાન ટાઈમ્સ પત્ર | બેનેટ કોલમેન એન્ડ કંપની લિમિટેડ દ્વારા સંચાલિત ૮૦% આર્થિક મદદ વર્લ્ડ ક્રિશ્ચિયન કાઉન્સિલ દ્વારા, શેષ ૨૦% એક અંગ્રેજ અને ઇટાલિયન રાબર્ટિયો મિંડો દ્વારા અપાય છે, જે સોનિયા ગાંધીનો નિકટનો સંબંધી છે. |
| Deccan Chronicle, The Asian Age | એશિયન એજ, ડેક્કન ક્રોનિકલ | સાઉદી અરબની એક ફર્મ દ્વારા મદદ પ્રાપ્ત. |
| The New Indian Express | ઇન્ડિયન એક્ષપ્રેસ | એમાં એક્ટ્સ મિનિસ્ટ્રીઝ (ચર્ચનો ભાગ)નો ઘણો મોટો અંશ છે. |
| ABN ఆంధ్రజ్యోతి | આંધ્ર જ્યોતિ | આને હૈદરાબાદીની એક મુસ્લિમ પાર્ટી એમ.આઈ.એમ.એ અને કોંગ્રેસના એક મંત્રીએ થોડાં વર્ષ પહેલાં ખરીદી લીધી. |
| The Statesman | ધ સ્ટેટસ્મૈન | કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇંડિયા દ્વારા સંચાલિત. |
| THE HINDU | ધ હિંદુ | આ સમાચાર પત્ર ૧૨૫ વર્ષ પહેલાં આરંભ થયું, જે થોડા દિવસ પહેલાં સ્વિઝરલેન્ડમાં બર્ન કી જોશુઆ સોસાયટીએ ખરીદી લીધું. એના તંત્રી એન.રામની પત્ની ઈસાઈ બની ચૂકી છે. |
| മാതൃഭൂമി Since 1923 | માતૃભૂમિ | જેને મુસ્લિમ લીગ દ્વારા મદદ પ્રાપ્ત. |

# મીડિયાનાં કાળાં કરતૂતો અને રાષ્ટ્રદ્રોહ

**– માર્કન્ડેય કાટજૂ (ભારતીય પ્રેસ પરિષદના અધ્યક્ષ અને સર્વોચ્ચ ન્યાયાલયના પૂર્વ ન્યાયાધીશ)**




મીડિયા દેશ અને સમાજની મુખ્ય સમસ્યાઓથી જનતાનું ધ્યાન હટાવીને નિરાધાર મુદ્દા ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરાવે છે. મીડિયા પક્ષપાતપૂર્ણ છે, જે પેઈડ ન્યૂઝ રૂપી અફીણ ખવડાવીને જનતાને બેહોશી આપી રહી છે. જ્યાં દેશ એક તરફ અનેક જ્વલંત સામાજિક, રાજનૈતિક સમસ્યાઓના જ્વાળામુખી ઉપર બેઠો છે ત્યાં આ જનતા અને દેશના ભવિષ્યને ભાગ્યના સહારે છોડી જૂઠ, પોપ મ્યુઝિક, ફેશન શો, ક્રિકેટ તથા ફિલ્મોની ઝાકઝમાકમાં મસ્ત છે. મારા મતે મીડિયા જનતાવિરોધી છે, આ જાણીજોઈને અપરાધિક વૃત્તિઓને પ્રોત્સાહન આપનાર, અંધવિશ્વાસ વધારનાર તથા પ્રાય: લોકોમાં ભાગલા પડાવનાર છે. દેશવાસીઓએ આના પાયા વિનાના, નિરાધાર તથા સ્વાર્થી સમાચારોથી ગેરમાર્ગે ન દોરાઈ જવું.

* * *

| કાળાં કરતૂતો | પૂર્તીના ઉપાય |
|---|---|
| ✻ સરકારી ખોટી નીતિઓનું સર્મથન કરી એનાથી જનતાનું ધ્યાન હટાવવું. | ✻ ફાલતૂ મુદ્દાઓમાં જનતાને ગૂંચવી રાખવી અને પેઈડ ન્યૂઝ ચલાવવા. |
| ✻ કોઈને દોષી સાબિત થતાં પહેલાં જ અપરાધી સિદ્ધ કરી દેવો. | ✻ મિડિયા ટ્રાયલ ચલાવવી. |
| ✻ ઈસાઈ મિશનરીઓના હાથા બનવું. | ✻ સંત અને સંસ્કૃતિ વિરુદ્ધ પેઈડ ન્યૂઝ ચલાવવા. |

**નોંધ : આ પુસ્તકમાં મીડિયા શબ્દનો અર્થ ઇલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા છે.**

## મીડિયામાં વધારો, જનહિતમાં ઘટાડો

ભારતમાં ૧૯૮૮માં પ્રથમ નિજી ચેનલ 'એનડી ટીવી'ની શરૂઆત થઈ. અત્યારે ૧૪૦૦ ચેનલ રજીસ્ટર્ડ છે પરંતુ ૮૧૬ ચેનલ દેખાડવામાં આવે છે, જેમાંથી ૩૯૮ સમાચાર ચેનલો છે. આશરે ૫૬ કરોડ લોકો ભારતમાં ટેલીવિઝન જુએ છે. ૫૭ વર્ષ જૂના ટેલીવિઝનનો ઇતિહાસ છે. ભારતમાં ૮૨ હજાર ૨૩૭ છાપાંઓ રજીસ્ટર્ડ છે. એમની વાંચકોની સંખ્યા ૩૨ કરોડ ૧૨ લાખ ૪ હજાર ૮૪૧ છે. ભારતમાં આશરે ૧૦ કરોડ લોકો રોજ છાપું વાંચે છે. મુદ્રિત મશીનોનો ઇતિહાસ ૨૩૦ વર્ષ જૂનો છે. આશરે ૮૦ થી ૮૫ ટકા વાંચકો પોતાના છાપાંના સંપાદકને જાણતા નથી.

ભારતમાં બધી પ્રચલિત ભાષાઓના મીડિયાનો વિસ્તાર થયો છે. જેટલી સમાચાર ચેનલો ભારતમાં છે એટલી દુનિયાના કોઈ બીજા દેશમાં નથી. અમેરિકાના પ્રખ્યાત લેખક ઓથર મિલરે કહ્યું હતું કે 'સાચા અર્થમાં સમાચાર-પત્ર કહેવડાવવાનો અધિકાર એને જ છે જેનામાં દેશ પોતાની સાથે વાત કરતો દેખાય.' કોઈ પણ રીતે ભારતમાં એવું કોઈ પણ મુખ્ય ધારાનું અખબાર નથી કે જેમાં દેશ પોતાની સાથે વાત કરતો દેખાય.

## રાષ્ટ્રદ્રોહી, આંધળું મીડિયા

આજે ભારતમાં આ વિદેશી મીડિયા અસત્યનો મહિમા ગાઈને દેશની વિચારધારાને બદલવા અને બનાવવામાં રત છે. એ દેશની અખંડતા, સભ્યતા અને સંસ્કૃતિ પર મોટો પ્રહાર છે. દેશહિતના મુદ્દાઓનું ગળું દબાવવામાં આવે છે અને અસંવેદનશીલ મુદ્દાઓ માટે સંવેદનાઓ જાગૃત કરવામાં આવી રહી છે. દેશનું ધ્યાન બીજી તરફ દોરવા માટે જબરદસ્તી બનાવટી મુદ્દા તૈયાર કરવામાં આવી રહ્યા છે.

મીડિયા દ્વારા દેશભક્તોને ખલનાયક અને ખલનાયકોને નાયકનો

ચોગો પહેરાવીને રજૂ કરવામાં આવે છે. સેક્યુલરતાના નામે મીડિયા દેશની ધાર્મિક આસ્થાઓ અને સંસ્કારોને મટાડી દેવા ઇચ્છે છે.

પ્રસિદ્ધ વિદ્વાન એન. એસ. રાજારામે પોતાના સંશોધનના આધારે સ્પષ્ટ કર્યું છે કે ભારતના તથાકથિત મીડિયા મોટા ભાગે વિદેશી શક્તિઓ દ્વારા સંચાલિત છે. ફ્રાંસના પત્રકાર ફ્રેંકોઈસે ભારતમાં હિંદુત્વ ઉપર થઈ રહેલા અત્યાચારો વિશે અધ્યયન કર્યું અને એ કાર્ય માટે ભારતનાં જ મીડિયાને જવાબદાર ગણાવ્યાં.

## આજનું મીડિયા અર્થાત્ ફેશન, સેક્સ અને જાહેરાત

આજે સવારથી સાંજ સુધી મીડિયાના લેખો અને કાર્યક્રમોમાં પાશ્ચાત્ય કચરો, ફેશન, સેક્સ, ગ્લેમર વગેરેને પ્રમુખતા આપવામાં આવી રહી છે. પૂનમ પાંડે, શર્લિન ચોપરા, સન્ની લિઓન, હની સિંહ જેવા વ્યભિચાર ફેલાવનારા લોકો મીડિયાના પ્રિય છે.




ટીવી ન્યૂઝ ચેનલોમાંથી ધીરે ધીરે સમાચારો ગાયબ થતા જઈ રહ્યા છે. પાયાના સવાલો- રોજગાર, સમાજ-સેવા, દેશભક્તિ, ખેતી, ગ્રામીણ જીવન સંબંધિત કાર્યક્રમો સાથે તો મીડિયાનો જાણે દૂર દૂરનો સંબંધ થઈ ગયો છે, મીડિયા એના પર ચર્ચા નથી કરતું પરંતુ ફિલ્મ મુન્નીની બદનામી અને શીલા કી જવાની વિશે અત્યંત સંવેદનશીલ છે. આ દેશ સાથે મીડિયાનો બહુ જ મોટો દગો અને કાવતરું છે.

આજે ચેનલ જ તૈયાર કરે છે કે કાલે દેશના લોકોને શું સમાચાર બતાવવાના છે. જે સૌથી સર્વોચ્ચ હોવાનો દાવો કરે છે એમાં તો નકરી જાહેરાતો જ હોય છે. સમાચારોનો એ ‘ફિલર’ની જેમ ઉપયોગ કરે છે. ચેનલ સામાન્ય સમાચારને પણ એવી રીતે દેખાડે છે કે જેમ

કોઈ બહુ મોટું તોફાન આવી ગયું હોય. સમાચારોને લીધે સુર્ખિયોંમાં રહેનારું મીડિયા આજે પોતે જ સમાચારોમાં છે.

ભારતમાં ટેલીવિઝન પ્રસારણની શરૂઆત ૧૫ સપ્ટેમ્બર, ૧૯૫૯ના રોજ દૂરદર્શન દ્વારા થઈ હતી. એક સરકારી ચેનલથી શરૂ થયેલ ટેલીવિઝન આજે એક બહુ જ મોટા ઉદ્યોગનું રૂપ લઈ ચક્યું છે. એવું અનુમાન છે કે દેશના ૨૫ કરોડ ઘરોમાંથી આશરે બાર કરોડ ઘરોમાં ટેલીવિઝન છે.

## *'પેઈડ ન્યૂઝ' : મીડિયાનું સાચું સ્વરૂપ*

પેઈડ ન્યૂઝ એટલે પૈસા લઈને કોઈ વ્યક્તિ કે સંસ્થાના હિત/પ્રશંસામાં સમાચાર બતાવવા. પેઈડ ન્યૂઝ (પૈસા આપીને બનાવાયેલ સમાચારો) વર્તમાન ચર્ચાનો સૌથી ચર્ચિત વિષય છે. પેઈડ ન્યૂઝના મામલામાં આખી પ્રક્રિયા ગુપ્ત હોય છે. એ દેશના વિવિધ હિસ્સામાં સ્થિત વિવિધ ભાષાઓનાં નાનાં-મોટાં છાપાંઓ તથા ટેલીવિઝન ચેનલોમાં ફેલાઈ ગયેલ છે. એ ગેરકાયદેસર પ્રક્રિયા સંગઠિત બની ગઈ છે. મીડિયા કંપનીઓના પત્રકારો, પ્રબંધકો અને માલિકો સહિત જાહેરાત એજન્સીઓ અને જનસંપર્ક કંપનીઓ પણ એમાં સામેલ હોય છે.

માર્કેટિંગ અધિકારી રાજનૈતિક હસ્તીઓ સુધી પોતાની લાગવગ બનાવવા માટે પત્રકારોનો ઉપયોગ કરે છે. આ રાજનૈતિક નેતાઓ વચ્ચે કથિત 'રેટ કાર્ડ' કે પેકેજ વહેંચાય છે, જેમાં પ્રાયઃ વિશેષ ઉમેદવારોની પ્રશંસાત્મક અને એમના રાજનૈતિક વિરોધીઓના આલોચનાત્મક 'સમાચારો'ના પ્રકાશનના 'દર' (મૂલ્ય) લખેલ હોય છે. જે ઉમેદવાર મીડિયા સંગઠનોની આ ચાલબાજી આગળ ઝૂકતા નથી એમના સમાચારો છાપવાની ના પાડી દેવામાં આવે છે.

ભારતમાં 'પેઈડ ન્યૂઝ'નું ચલણ ૧૯૬૭ની ચૂંટણીથી પ્રારંભ થયેલ છે. રાષ્ટ્રીય સ્તરનાં છાપાંઓમાં આ ૩૦ ટકા, રાજ્ય સ્તર પર ૫૦ ટકા અને સ્થાનિક છાપાંઓમાં ૭૫ થી ૯૦ ટકા સુધી પેઈડ ન્યૂઝ

હોય છે. ભારતમાં ૨૮ ભાષાઓમાં છાપાંઓ પ્રકાશિત થાય છે. આજે મીડિયાની પ્રાથમિકતા સમાજ-સેવાને બદલે ધનોપાર્જન જ બની ગઈ છે. અનેક મીડિયાવાળાઓએ તો મીડિયાની ઓથમાં કોઈ બીજા જ ધંધામાં હાથ અજમાવવાનો શરૂ કરી દીધો છે.

મીડિયાનાં કાળાં કરતૂતોથી લોકો તંગ આવી ગયા છે. એમનાં કાળાં કરતૂતો રોકવા માટે વિવિધ સંગઠનોએ જુદા જુદા ઉપાયો અપનાવ્યા. મુંબઈમાં શિવસેનાએ મીડિયા પર નિયંત્રણ રાખવા માટે મીડિયાના કર્મચારીઓ પર હુમલા.

## *મીડિયાનાં હિંદુત્વવિરોધી કાળાં કરતૂતો*

✻ હિંદુ સંસ્કૃતિ પર દોષારોપણ, અમરનાથ યાત્રા, મંદિર અને તીર્થોને ઢોંગ જાહેર કરવો, 'રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ'ને સિમ્મી જેવો બતાવવો અને ભગવામાં આતંકવાદ શોધવો.




✻ મીડિયા અવારનવાર મનઘડંત, પાયા વિનાના સમાચારો પ્રસારિત કરે છે. શંકરાચાર્ય શ્રી જયેન્દ્ર સરસ્વતી પર હત્યાનો આરોપ, બાબા રામદેવ પર દવાઓમાં હાડકાંનું ચૂર્ણ મેળવવાનો ખોટો આરોપ, કૃપાલુજી મહારાજ પર બળાત્કારનો ખોટો આરોપ, રાષ્ટ્રવાદી હિંદુ સંગઠનો પર ભગવા આતંકવાદનો ખોટો આરોપ લગાવવામાં આવે છે. આવું મીડિયા ફક્ત હિંદુની અંદર જ બળાત્કારી, પાખંડી, ચોરને શોધે છે કે જેથી પોપ, પાદરીઓ દ્વારા કરવામાં આવતાં બળાત્કાર, વ્યભિચાર તથા ભ્રષ્ટાચારને દબાવી શકાય.

✻ કેરળમાં સત્તાધારી પાર્ટીના જેહાદી યુવકો પાકિસ્તાની પેમ્ફલેટ વહેંચે તો ખોટી વાત નથી ? પરંતુ સુબ્રમણ્યમ સ્વામી રાષ્ટ્રવાદી, હિંદુત્વવાદી બયાન આપે તો ખોટી વાત છે. વ્યવસ્થા-પરિવર્તન કરવા

માટે નીકળેલા સ્વામી રામદેવમાં મીડિયાને એક ચોર અને પાખંડી દેખાય છે.

✻ ગોવામાં મંદિરની મૂર્તિઓ પર ઈસાઈઓ પેશાબ કરે તો એને 'ઈસાઈની તાકાત બતાવવી' અને ઈસાઈઓ મૂર્તિઓ તોડે તો કોઈ વાંધો નહિ !

## *પત્રકારોનાં સેક્સ રેકેટો*

✻ લખનઉથી પ્રકાશિત છાપાના પત્રકાર રાહુલ શર્મા અને એની પત્ની દ્વારા ચલાવવામાં આવી રહેલ કોલગર્લ સેક્સ રેકેટથી અનેક લાખ રૂપિયા અને અન્ય કિંમતી સામાન જપ્ત કરાયો છે. આ સેક્સ રેકેટ મુજબ ગ્રાહકના આમંત્રણ પર કોલગર્લ એના ઘરે પહોંચતી, પહેલાં એને પોતાનું શરીર સોંપતી અને પછી એને નશીલા પદાર્થો આપીને રોકડ અને ઝવેરા લઈને ગાયબ થઈ જતી !

✻ મધ્યપ્રદેશ બાલાઘાટમાં પોલિસે સેક્સ રેકેટનું સંચાલન કરી રહેલ એક સ્થાનિક પત્રકાર શશાંક મેહુલેની ધરપકડ કરી. અહીં એ લોકો પોતાના ગ્રાહકોને બ્લેકમેલ કરવા માટે વિડિયો પણ બનાવી લેતા હતા.

✻ બુલંદશહેરના સેક્સ રેકેટમાં પાંચ પત્રકારો કોલગર્લ સંચાલિકાઓની સેટિંગ પોલિસ સાથે કરાવતા હતા અને એના માટે વીસ હજાર રૂપિયાની નિશ્ચિત રકમ દર મહિને લેતા હતા. એમાં ત્રણ મુસલમાન પત્રકારો અને સંપાદકો પણ સામેલ છે.

✻ પીલીભીતમાં 'અમર ઉજાલા'ના પત્રકાર રાજેશ શર્મા દ્વારા ચલાવવામાં આવી રહેલ સેક્સ રેકેટ પોલિસે પકડી પાડ્યું તથા પત્રકારને જેલમાં ધકેલી દીધો.

✻ મુરાદાબાદ (ઉત્તર પ્રદેશ)ના એક સેક્સ રેકેટની માલકણ પિંકીની ડાયરીમાં ૧૪ પત્રકારોનાં નામ લખેલાં છે તથા એમને એ કોને, કેટલા રૂપિયા દર મહિને આપતી હતી આ એની ડાયરીથી ખબર પડે છે.

## મીડિયાનો ચારિત્રિક બદલાવ

મીડિયાના ચરિત્રમાં સૌથી મોટો બદલાવ તો એ થયો કે જોતજોતાંમાં મીડિયામાંથી લોકલાગણી ગાયબ જ થઈ ગઈ અને સમાચાર પણ કમાણીનું સાધન બની ગયું. જાહેર છે કે જ્યારે સમાચાર પણ કમાણીનું સાધન બન જાય અને વાંચકો કે દર્શકો એક ઉપભોક્તા, તો આવી સ્થિતિમાં વધારેમાં વધારે પૈસા કમાવા જ મકસદ બની જાય છે. આજે વધારેમાં વધારે પૈસા કમાવા મીડિયાઓનું મકસદ બની ગયું છે. મીડિયામાં થયેલ આ ચારિત્રિક બદલાવને કારણે કામ કરવાની પરિસ્થિતિઓ પણ બદલાઈ છે. પત્રકારો પણ સામાન્ય કર્મચારીઓ જેવા થઈ ગયા અને પત્રકારત્વ પણ અન્ય નોકરીઓ જેવી એક નોકરી થઈ ગઈ છે કે જ્યારે સામાન્ય લોકોના હક અને હિત માટે લડાઈ લડવાનો ગૌરવશાળી ઇતિહાસ પણ ભારતીય મીડિયા પાસે જ છે.

## હિંદુવિરોધી મીડિયા ગેંગ

આ વાત સાબિત થઈ ચૂકી છે કે મીડિયાનો ખાસ વર્ગ હિંદુત્વ વિરોધી છે. આ વર્ગ માટે હિંદું સંગઠનો વિશે નકારાત્મક પ્રચાર કરવો, હિંદું ધર્મ, હિંદુ દેવી-દેવતાઓ, હિંદુ રીત-રિવાજો તથા સાધુ-સંતોની નિંદા કરવી એક ધર્મ સમાન જ થઈ ગયેલ છે. આનું કારણ છે, કોમ્યુનિસ્ટ ચર્ચપરસ્ત-મુસ્લિમપરસ્ત તથાકથિત સેકુલરિઝમપરસ્ત લોકોનો આપસી સંબંધ, સત્તા અને મીડિયા પર પકડ અને એમના દ્વારા એક ગેંગ બનાવવામાં આવવી. જો કોઈ સમૂહ કે વ્યક્તિ આ ગેંગના સભ્ય બની જાય કે પ્રિયપાત્ર બની જાય તો એમના અને એમની જાતિ વિરુદ્ધ કોઈ સમાચાર સરળતાથી નથી છપાતા. જ્યારે હિંદુંત્વ પર આ બધા લોકો ભેગા થઈને હુમલો કરે છે.

## મીડિયા-સમૂહના આપસી સંબંધોની જાળ

* NDTV ના માલિક પ્રણવ રાયની ભાણેજ છે સુજાના અરુંધતી રોય કે જે 'જસ્ટિસ ફોર અફજલ ગુરુ' માટે કામ કરે છે. આ સંસ્થાના સભ્યો છે પ્રશાંત ભૂષણ, સંદીપ પાંડે, શબનમ હાશમી, હર્ષ મંદાર, અરુણા રોય વગેરે.

* સોનિયા ગાંધી દ્વારા ગઠિત NAC (સાંપ્રદાયિક લક્ષિત હિંસા અધિનિયમ)ના સભ્ય છે શબનમ હાશમી, હર્ષ મંદાર અને અરુણા રોય કે જેમણે હિંદુઓ વિરુદ્ધ એક કાયદો ઘડ્યો છે- હિંદુ વિરોધી સાંપ્રદાયિક હિંસા વિધેયક.

* બરખા દત્ત NDTVમાં કામ કરે છે. એણે ઈસાઈ ધર્મ સ્વીકાર કરી લીધો છે. બરખા દત્તની માતા છે પ્રભા દત્ત. એ 'હિંદુસ્તાન ટાઇમ્સ'ની મુખ્ય રિપોર્ટર હતી. NDTV ભારતની એકમાત્ર ચેનલ છે જે અધિકૃત રૂપે પાકિસ્તાનમાં દેખાડવામાં આવે છે.

* રાજદીપ સરદેસાઈ પહેલાં NDTVમાં હતા, હવે ઈસાઈ અને મુસ્લિમ સપોર્ટર ચેનલ CNN-IBNમાં છે. એમની પત્ની સાગરિકા ઘોષના પિતા દૂરદર્શનના મહાનિદેશક હતા. સાગરિકા ઘોષની પહેલી કાકી રૂમા પોલ ઉચ્ચતમ ન્યાયાલયમાં ન્યાયાધીશ અને બીજી અરુંધતી ઘોષ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની સ્થાયી પ્રતિનિધિ છે.




* PIPFD (Pakistan-India Peoples' Forum for Peace and Democracy)ના સભ્ય દિલીપ ડિસોઝાના પિતા જોસેફ બેન ડિસોઝા મહારાષ્ટ્ર સરકારના પૂર્વ સચિવ રહી ચૂક્યા છે. PIPFDના બીજા સભ્ય તીસ્તા સીતલવાડના પતિ જાવેદ આનંદ

કંપની સબરંગ કોમ્યુનિકેશન અને સંસ્થા 'મુસ્લિમ ફોર સેક્યુલર ડેમોક્રેસી' ચલાવે છે, જેના પ્રવક્તા જાવેદ અખ્તરની પત્ની શબાના આઝમી છે.

* ITV બીબીસી માટે કાર્યક્રમોનું પણ નિર્માણ કરે છે. એના માલિક કરણ થાપરના પિતા જનરલ પ્રાણનાથ થાપર (૧૯૬૨નું ચીન યુદ્ધ એમના જ નેતૃત્વમાં હારી ગયેલ) હતા. કરણ થાપર બેનઝીર ભુટો અને જરદારીના બહુ સારા મિત્ર છે. કરણ થાપરના મામાના લગ્ન નયનતારા સહગલ સાથે થયેલા છે. એ વિજયલક્ષ્મી પંડિતની દીકરી છે. વિજયલક્ષ્મી પંડિત, જવાહરલાલ નહેરુની બહેન છે.

* કોંગ્રેસના પૂર્વ વિધાયક એમ. જે. અકબર 'ઇન્ડિયા ટૂડે' સામયિકના મુખ્ય સંપાદક, ડેક્કન ક્રોનિકલ અને એશિયન એજના સંપાદક છે, જેમની પત્ની મલ્લિકા જોસેફ 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'માં કાર્યરત છે.

* 'ધ હિંદુ'ના મુખ્ય સંપાદક નરસિમ્હન રામ (એન.રામ) છે. એમની પહેલી પત્ની સૂસન આયરલેન્ડની છે. જે ભારતમાં ઓક્સફોર્ડ પબ્લિકેશનની ઇન્ચાર્જ છે.

* 'ઓલ ઇન્ડિયા કેથોલિક યુનિયન લાઈફટાઈમ એવાર્ડ'થી સન્માનિત કરાનારા એમ. રોય 'ધ હિંદુ'ના સંવાદદાતા તથા 'મંગલમ્' પબ્લિકેશનના સંપાદક મંડળના સભ્ય છે.

* ખાલિદ અંસારી મિડ-ડે પબ્લિકેશન અને એમ. સી. મીડિયા લિમિટેડના અધ્યક્ષ છે. એમના છોકરા અબ્દુલ હમીદ કાંગ્રેસી નેતા છે. મિડ-ડે દિલ્હી આવૃત્તિના વ્યવસ્થાપક જોહન દયાલ, એવેંજેલિસ્ટ ઈસાઈ અને હિંદુઓના ખાસ આલોચક છે.

* 'ઓલ ઇન્ડિયા કેથોલિક યુનિયન'ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તથા 'ઓલ ઇન્ડિયા ક્રિશ્ચિયન કાઉંસિલ' (AICC)ના સચિવ જોહન દયાલ છે.



* AICCના અધ્યક્ષ ડૉ. જોસેફ ડિસોઝાએ 'દલિત ફ્રીડમ નેટવર્ક'ની સ્થાપના કરી છે. એની સહયોગી સંસ્થા 'ઓપરેશન મોબિલાઇઝેશન ઇન્ડિયા' (OM India) છે. જેનું લક્ષ્ય દુનિયાના એ ભાગોમાં ચર્ચને મજબૂત કરવાનું છે કે જ્યાં તેઓ આજ સુધી નથી પહોંચી શક્યા.

* OM India ના ઉત્તર ભારતના વ્યવસ્થાપક મોજેસ પરમાર તથા દક્ષિણ ભારતના વ્યવસ્થાપક કુમાર સ્વામી છે. એ કર્ણાટક રાજ્યના માનવાધિકાર આયોગના સભ્ય પણ છે.

* OMCC, દલિત ફ્રીડમ નેટવર્ક (DFN) સાથે કામ કરે છે. DFNના સલાહકાર મંડળમાં વિલિયમ આર્મસ્ટ્રોંગ સામેલ છે. એ કોલોરાડો (અમેરિકા)ના પૂર્વ સીનેટર અને વર્તમાનમાં કોલોરાડો ક્રિશ્ચિયન યુનિવર્સિટીના પ્રેસિડન્ટ છે. આ યુનિવર્સિટી વિશ્વભરમાં ઈસુના પ્રચાર માટે મુખ્ય રણનીતિકારોમાં ગણવામાં આવે છે.



અનિલ કુમાર

* વાય સેમુઅલ રાજશેખર રેડ્ડી (આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી)ની દીકરી શર્મિલાના લગ્ન એક ધર્મ પરિવર્તિત ઈસાઈ અનિલ કુમાર સાથે થયા છે. અનિલ કુમારે 'અનિલ વર્લ્ડ એવેંજેલિઝમ' નામની સંસ્થા શરૂ કરી અને તેઓ એક કટ્ટર ઈસાઈ ધર્મ પ્રચારક છે. સેમુઅલ રાજશેખર રેડ્ડીના પુત્ર જગન રેડ્ડી કોંગ્રેસી નેતા છે તથા જગતિ પબ્લિકેશન પ્રા. લિ.ના ચેરમેન છે.

* સન ટીવી ચેનલ સમૂહ તથા તામિલ દૈનિક 'દિનાકરન'ના માલિક છે કલાનિધિ મારન. એમના ભાઈ છે દયાનિધિ મારન. એ કેન્દ્રમાં સંચાર મંત્રી હતા. મુરાસોલી મારન (કલાનિધિ મારનના

પિતા)ના કાકા એમ. કરુણાનિધિ (તામિલનાડુના મુખ્યમંત્રી)ના પુત્ર એમ કે અઝાગિરી કેલાંગાર ટીવીના માલિક છે તથા પુત્રી કનિમોઝી કેન્દ્રમાં રાજ્યમંત્રી છે તથા 'ધ હિંદું' સમાચારમાં સહ-સંપાદક પણ છે.

## *નીરા રાડિયા પત્રકારોની ષડયંત્રકારી ગેંગ*

સી.બી.આઈ.ની ઍંટી કરપ્શન શાખાએ ટેલીકોમ ગોટાળાના સિલસિલામાં પત્રકાર નીરા રાડિયા વિરુદ્ધ ૨૧ ઓક્ટોબર ૨૦૦૯એ કેસ નોંધાવ્યો. તપાસ શરૂ કરી, ત્યારે જોયું કે નીરા રાડિયા પોતાની ચાર કંપનીઓ દ્વારા ટેલીકોમ, એવિએશન, પાવર અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલ કોર્પોરેટ સેક્ટરોના ફાયદા માટે દલાલીનું કામ કરે છે. નીરા રાડિયા પોતાનું કામ પૂરું કરાવવા માટે દેશના વિખ્યાત પત્રકારોનો મોહરા તરીકે ઉપયોગ કરે છે તથા જેની ભરપૂર કિંમત પણ આ પત્રકારોને આપે છે.





બરખા અને વીર સંઘવી નીરા રાડિયા જેવી વચેટિયાના ભાડૂતી બનીને રાજનૈતિક ગલીઓમાં તોલ-મોલનો ખેલ રચે છે. પત્રકારત્વના કામની ઓથમાં કાળી કમાણી કરી રહેલા પત્રકારો પત્રકારત્વના બળે પોતાના સંપર્કોનો ઉપયોગ તેઓ મંત્રીમંડળના જોડ-તોડમાં કરે છે. પોતાના સ્વાર્થના કોર્પોરેટ પરિવારોની અનુકૂળતા અનુસાર મંત્રીઓને વિભાગ અપાવે છે અને બદલામાં ભારે મોટી દલાલી ખાય છે.

પુરાવા કહે છે કે દલાલીગિરીનો ખેલ આ લોકો ઘણા સમય પહેલાંથી કરી રહ્યા છે પરંતુ એમનો ભાંડો ફૂટ્યો એ. રાજાને સંચાર મંત્રી બનાવ્યા પછી. વડાપ્રધાન મનમોહન સિંહ નહોતા ઇચ્છતા કે

આરોપોથી ઘેરાયેલા એ. રાજાને સંચાર મંત્રી બનાવવામાં આવે પરંતુ નીરા રાડિયાના ઘોર કાવતરાએ કાંગ્રેસના પાવર કોરિડોરમાં એવી જબરદસ્ત ઘેરાબંધી કરી કે વડાપ્રધાને વિવશ થઈને એ. રાજાને સંચાર મંત્રી બનાવવો પડ્યો.

પત્રકાર નીરા રાડિયાની ચારેય કંપનીઓમાં બધા રિટાયર્ડ અધિકારી નોકરશાહોની ભરમાર છે. આ બધા એ અધિકારીઓ છે કે જેમણે પહેલાં વિવિધ મંત્રાલયોમાં ઊંચા પદો પર કામ કર્યું છે અને જેમને મંત્રાલયોના અંદરના કામકાજની વ્યવસ્થિત જાણકારી છે.

## પત્રકારોનું ગોટાળા રહસ્ય

✻ દિલ્હીના સરકારી આવાસો પર પત્રકારોનો કબજો, સર્વોચ્ચ ન્યાયાલયે ભારે ઠપકો આપ્યો.

✻ મધ્યપ્રદેશમાં ૨૧૦ પત્રકારોનો સરકારી બંગલાઓ ઉપર ગેરકાયદેસર કબજો છે. પત્રકારોએ સરકારને ભાડાની ૧૪ કરોડ રૂપિયાની લગાવી છે થપ્પડ.

✻ લખનઉમાં ૫૩ પત્રકારોએ રાજ્ય સંપત્તિ વિભાગે કબજો કરેલ સરકારી મકાન ખાલી કરવા માટે નોટિસ પાઠવેલ છે.



✻ પ્રભુ ચાવલા રિલાયન્સના એક કેસમાં સર્વોચ્ચ ન્યાયાલયમાં નિર્ણય ફિક્સ કરાવતાં પકડાઈ ગયા. એમના પુત્ર આલોક ચાવલા, 'અમર ઉજાલા'ની બરેલી આવૃત્તિમાં ગોટાળો કરતા પકડાઈ ગયા. દૈનિક જાગરણ ગ્રુપ અને દૈનિક હિન્દુસ્તાને પોતપોતાના એક જ રજિસ્ટ્રેશન નંબર પર અનેક જગ્યાએ ખોટી રીતે સ્થાનિક આવૃત્તિ પ્રકાશિત કરીને બંનેએ સરકારને લગભગ ૪૦૦ કરોડનું નુકસાન પહોંચાડ્યું. જેના પર કેસ પણ ચાલી રહ્યો છે.

# *ભારતને ઈસાઈ રાષ્ટ્ર બનાવવામાં મીડિયાની મુખ્ય ભૂમિકા*

જે દિવસે દામિનીના બળાત્કારની ઘટના મીડિયામાં મુખ્ય સમાચારમાં આવી. મને સંદેહ થઈ ગયો, વિચાર્યું કે આજે આવી ઘટના આવી રીતે શા માટે ? આનો જવાબ ત્યારે મળ્યો, જ્યારે બીજા દિવસે ઇન્ડિયા ગેટ પર હજારો લોકો આંદોલન કરવા લાગ્યા.




આખા ભારતમાં અમેરિકાનાં હજારો NGO અને સંગઠનો કામ કરી રહ્યાં છે. આ બધા જ ઇન્ડિયા ગેટની સડકો ઉપર હજારો નવયુવક, નવયુવતીઓ ભારતીય સંસ્કૃતિ છોડીને જિંસ-સ્કર્ટ પહેરીને બળાત્કાર વિરુદ્ધ આંદોલન કરી રહ્યાં હતાં. જાણે અમેરિકી સંસ્કૃતિથી જ રંગાઈ ગયા હતા. પુષ્કળ ધન અમેરિકા, યુરોપની કંપનીઓનું ભારતમાં આવે છે. એનાથી આ સંગઠનો ચાલી રહ્યાં છે, જાણે બહુ મોટી ક્રાંતિ પેદા થઈ રહી છે. આ બધું એ લોકો જ કરાવી રહ્યા છે. આનો હું ખુલ્લો પડકાર ફેંકું છું. એ સમાચારો પણ પૈસા આપીને છપાવાયા હતા.

તામિલનાડુમાં એક અણુઊર્જા યંત્ર બનાવાયું હતું, એને છ મહિના સુધી ચાલવા ન દીધું. કેમ ? કેમ કે અમેરીકન ક્લિંટનના ૧૩૦૦ સંગઠનો ભારતમાં કાર્યરત છે. યંત્રને ચાલવા ન દેવા માટે આ ચર્ચવાળાઓ મળીને ત્યાં રોજ આંદોલન કરવા જતા હતા. ત્યાંની સરકારે એમના ઉપર પ્રતિબંધ લગાવ્યો, ધરપકડ કરી ત્યારે ક્યાંક આંદોલન બંધ થયું અને ઊર્જા-યંત્ર ચાલુ થયું. આમ જ નેપાળમાં પણ અમેરિકાનાં ૧૮ હજાર સંગઠનો ધર્માંતરણ માટે કામ કરે છે.

ઈ.સ. ૨૦૦૭માં સોનિયાએ કહ્યું : ''હું જોઉં છું કે આ દેશની અંદર સંતો પ્રત્યે લોકોની શ્રદ્ધા કેવી રીતે રહે છે ? હું એને નષ્ટ કરીને જ રહીશ. હું બધા ઉપર ગુનાના કેસ લગાવડાવી દઈશ.'' ...અને આ પ્રક્રિયા ચાલી રહી છે.

જ્યાં સુધી આ સેક્યુલરવાદી લોકો આ દેશમાં રાજ કરશે ત્યાં સુધી સંસ્કૃતિને ઉન્નત કરવાની જે આપણી ભાવના છે એ પૂરી નહિ થઈ શકે. આ દેશમાં હિંદુત્વની સરકાર આવવી જોઈએ અને સંસ્કૃતિના આધારે દેશનો વિકાસ થવો જોઈએ.



## જનતાનો અવાજ

✻ મને જણાવો કે ભારતનાં મીડિયાં આટલું નકારાત્મક કેમ છે ? *- અબ્દુલ કલામ*

✻ આજનું પત્રકારત્વ વેશ્યાવૃત્તિમાં બદલાઈ ગયું છે. *- ગજેન્દ્ર નારાયણ રે (ભૂતપૂર્વ અધ્યક્ષ - ભારતીય પ્રેસ પરિષદ)*

✻ પત્રકારો (reporters) સિવાય બીજા બધા માટે હું સમાનતામાં વિશ્વાસ રાખું છું ! *- મહાત્મા ગાંધી*

✻ છાપાંઓના લેખકો અને સંપાદકો કૂતરાંઓ જેવા હોય છે. જ્યારે પણ કોઈ ચીજ હલે છે તો તેઓ ભોંકવાનું શરૂ કરી દે છે. *- આર્થર શોપનહાર (જર્મન દાર્શનિક)*

✻ આ ભ્રષ્ટ અને નકામા મીડિયાવાળાઓ મને મારું કામ કરવા નથી દેતા. *- બાબા રામદેવ*

✻ મીડિયા જનવિરોધી, આપરાધિક વૃત્તિઓને વધારનાર, લોકોમાં ભાગલા પાડનાર છે. *- માર્કણ્ડેય કાટજૂ (અધ્યક્ષ, ભારતીય પ્રેસ પરિષદ)*

✻ મીડિયાવાળાઓ એટલી ચાલાકી, ચતુરાઈ અને કુશળતાથી ડાબે-જમણેથી આપણો એવો ઉપયોગ કરે છે કે શબ્દો અને વાક્યનાં અંશોની ફેરબદલીમાં સચ્ચાઈ જ ખોવાઈ જાય છે. *- જૂલ્સ કાર્લાઇલ (કેનેડાના લેખક અને હાસ્યકાર)*

✻ હું નથી એક પણ અખબાર લેતો કે નથી મહિનામાં એક પણ અખબાર વાંચતો. એનાથી હું પોતાને અનંત ગણો પ્રસન્ન અનુભવું છું. *- થોમસ જેફર્સન (અમેરિકાના ત્રીજા રાષ્ટ્રપતિ)*

✻ ભારતીય મીડિયા એ જ દેખાડે છે કે જે એ પોતે દેખાડવા ઇચ્છે છે. *- કિરણ બેદી*

✻ મને લાખ બંદૂકો (bayonets) કરતાં પણ વધારે ડર ત્રણ અખબારોથી લાગે છે. *- નેપોલિયન બોનાપાર્ટ*

## મીડિયાનો દેશદ્રોહ અને અપરાધ




ઘટના ૨૬/૧૧ મુંબઈની ઓબેરોય હોટલમાં ઘુસેલા આતંકવાદીઓને મારવામાં આપણા સૈનિકોને વધારે સમય કેમ લાગ્યો ? કેમ કે મીડિયાના લાઈવ કવરેજથી અંદર ઘુસેલા આતંકવાદીઓને એમના પાકિસ્તાની આકાઓ દ્વારા આપણા સૈનિકોની સ્થિતિનું વિવરણ બતાવવામાં આવી રહ્યું હતું. જ્યારે અધિકારપૂર્વક બળજબરીથી લાઈવ કવરેજ બંધ કરાવવામાં આવ્યું ત્યારે આપણા સૈનિકો તરત આતંકવાદીઓ પર ચડી બેસવામાં સફળ થયા અને એમને મારી નાખ્યા. મીડિયાનું આ કારનામું કેટલો મોટો દેશદ્રોહ અને અપરાધ ઘોષિત કરે છે !

## મીડિયાની હિંદુત્વ વિરોધી દ્વિમુખી ચાલ

- ફ્રેંકોઈસ ગોટિયર (ફ્રાંસના લેખક અને પત્રકાર)

મોટા ભાગના ભારતીય પત્રકારો બધા ધર્મગુરુઓ પર ભગવાન (God-men)ની છાપ કેમ લગાવે છે ? જે એક નકારાત્મક અને વ્યંગાત્મક શબ્દ છે. પરંતુ આ જ ભારતીય પત્રકારો ઈસાઈ આર્ચબિશપ કે પાદરીઓ પ્રત્યે આવી આક્રમકતા કેમ નથી દેખાડતા ? એમને તો તેઓ ક્યારેય પણ 'ભગવાન' નથી કહેતા, 'હોલી ફાધર' કહીને જ સંબોધે છે. તેઓ ભારતીય ધર્મગુરુઓની અદ્‌ભુત અને ચમત્કારી શક્તિઓ પર પણ પ્રશ્નો ઉઠાવે છે. પરંતુ ઈસાઈ લોકો વિચારે છે કે ઈસા મસીહે બ્રેડને અનંત ગણી બનાવી દીધી હતી કે પછી મડદાને જીવિત કર્યો હતો એ વાતો શું વિવેકયુક્ત કે તર્કસંગત લાગે છે ?

બીજા ધર્મો પોતાનાં નામ અને સ્વાર્થની સુરક્ષાનો પ્રયત્ન કરે છે. જ્યારે વિશ્વ હિંદુ પરિષદે (VHP) બીજા ધર્મના લોકોને પોતાના ધર્મમાં લાવવા માટે ક્યારેય પણ ધર્માંતરણના પ્રયત્નો નથી કર્યાં. છતાં ભારતીય મીડિયાએ એમને ઈસાઈ પાદરીઓ કે મુસ્લિમ મુલ્લાઓ કરતાં અનેક ગણાં વધારે પ્રહારોનું નિશાન બનાવેલ છે.

# *સંવેદનહીન મીડિયા !*

## (જનતા પૂરથી ત્રસ્ત ! મીડિયા પોતાનામાં મસ્ત !!)

ઉત્તરાખંડમાં પૂર હોનારત દરમિયાન જે વખતે સૌથી વધારે જરૂર પીડિતોના પ્રાણ બચાવવાની હતી એ વખતે બધા ટીવી રિપોર્ટરો પોતાના કેમેરામેન સાથે એ હેલીકોપ્ટરોથી જઈ પહોંચ્યા, જે પીડિતોની મદદ માટે આવ્યા હતા. હેલીકોપ્ટર બહુ જ ઓછા હતા અને પીડિતો બહુ જ વધારે. હેલીકોપ્ટરની એક-એક સીટ બેશક એટલી કિંમતી હતી કે જેટલું માનવ-જીવન. માનવ જીવન કરતાં





વધારે મૂલ્ય મીડિયા રિપોર્ટિંગને ન આપી શકાય. પરંતુ મીડિયાવાળાએ માનવ-જીવન કરતાં વધારે મૂલ્ય મીડિયા રિર્પોટિંગને આપ્યું, નહિ કે બૂમો પાડી રહેલાં-રડી રહેલાં નિરાધાર લોકોને.

અનેક માઈલો સુધી ચાલીને આવી રહેલા અને પીડાથી કણસતા વૃદ્ધો હોય કે રડતી-કકળતી મહિલાઓ, એટલે સુધી કે નિર્દોષ બાળકો પણ કેમ ન હોય - સૌની સામે રિપોર્ટરનું માઇક અચાનક પ્રલયની જેમ પ્રગટ થઈ જતું હતું. એક બાજુ લોકોનો શ્વાસ રૂંધાઈ રહ્યો હતો અને રિપોર્ટર માઇક લઈને પીડિતોની સામે સવાલોનો વરસાદ વરસાવતો હતો.

ન્યૂઝ એક્સપ્રેસ ચેનલના એક સંવાદદાતા નારાયણ વરગાહીએ તો હદ જ કરી દીધી, એ એક પૂર પીડિત ગ્રામીણના ખભા ઉપર પર જ ચઢી બેઠો અને પૂરમાં ડૂબેલા ગામના આંખે જોયેલા હાલ વર્ણવવા લાગ્યો.

---


સંદર્ભ : મીડિયા કા અંડરવર્લ્ડ (લેખક-દિલીપ મંડલ), પેડ ન્યૂઝ (લેખક-સંજીવ પાંડેય), મીડિયા કા બદલતા ચરિત્ર (લેખક-હિમાંશુ શેખર), પાંચજન્ય -૯ જૂન ૨૦૧૩

www.thehindu.com/news/national/mediaoffering-opium-to-masses-katjuarticle2823618.ece

http://khabar.ibnlive.in.com/news/58387/3/21

www.janatantra.com/news/2010/11/30/biography-of-niira-radia/

www.chauthiduniya.com/2010/05/bade-patrakar-bade-dalal.html

www.khabarwala.com/media-news/print/987-journalist-arrested-accusHaed-of-running-sex-racket

http://www.swargvibha.in/forums/viewtopic.php?t=19925&p=25081

http://hindudigest.blogspot.in/2011/03/anti-hindu-media-in-mirror-of-family.html

http://www.francoisgautier.com/en/the-indian-media-and-gurus

# મીડિયાનાં કાળાં કરતૂતો અને સંસ્કૃતિ પર પ્રહાર



અશ્લીલતામાં વધારો



ઈસાઈયતમાં વધારો-જોખમમાં ભારત



સાધુ-સંતો પર જૂઠા આરોપ



૨.૫ લાખ ખેડૂતોની આત્મહત્યાને છુપાવી



તૂટતાં મંદિરો, કપાતી ગાયો સામે આંખ આડા કાન




પત્રકારો ચલાવી રહ્યા છે સેક્સ રેકેટ




સ્રોત : http://jpsingh1975.blogspot.in/2011_11_01_archive.html

# જાગો ભારતવાસી જાગો !
# રાષ્ટ્રદ્રોહી મીડિયાને ત્યાગો !

* મીડિયામાંથી લોકલાગણી ગાયબ, સમાચારો પણ કમાણીનાં સાધન બન્યાં.
* મીડિયાએ પેઈડ ન્યૂઝ દ્વારા કર્યો ભારત સાથે દગો !
* સરકારી સંપત્તિ પર પત્રકારોનો કબજો. દેશના કરોડો રૂપિયા કર્યા હજમ. સુપ્રીમકોર્ટે આપ્યો ઠપકો.
* પત્રકારોએ ચલાવ્યાં હિંદુસ્તાનમાં અનેક સ્થાનોએ સેક્સ રેકેટ.
* મીડિયાનો ખાસ વર્ગ સનાતન સંસ્કૃતિ અને સાધુ-સંતોની નિંદા કરવાને પોતાનો ધર્મ અને કર્તવ્ય માને છે.
* કોમ્યુનિસ્ટ, ચર્ચપરસ્ત, મુસ્લિમપરસ્ત લોકોના આપસી સંબંધો, સત્તા અને મીડિયા પર પકડ તથા એમના દ્વારા ગેંગ બનાવવી એ શું હિંદુસ્તાન માટે બહુ મોટું જોખમ નથી ?
* ભારતને તોડવાનું અને ફરીથી ગુલામ બનાવવાનું કેવી રીતે રચવામાં આવે છે કાવતરું... ???
* ૧૫ વર્ષમાં ૨.૫ લાખ ખેડૂતોની આત્મહત્યાના સમાચારોને કોણે છુપાવ્યા ?
* આજે મીડિયાની પ્રાથમિક્તા સમાજસેવાને બદલે ધનોપાર્જન બની ગઈ છે.
* મીડિયાની ભૂલથી તમારા પ્રાણ પણ જઈ શકે છે. કારગિલ યુદ્ધમાં એવું જ થયું હતું.

સર્વ સહમતિ દેશની જનતાની... આ પુસ્તક જનહિતમાં પ્રસ્તુત છે. કોઈ પણ છપાવીને વહેંચી શકે છે. દેશનું આ સેવાકાર્ય કોઈ પણ કરી શકે છે, પાકો દેશભક્ત દેશહિતમાં જરૂર કરશે. અમને એનો વિશ્વાસ છે.

All legal proceedings shall be subject to the jurisdiction of the courts in New Delhi.
The subject matter of this book is not be ownership right of the publiser or the writer.

## સંસ્કૃતિ રક્ષક સંઘ
આધ્યાત્મિક ભારત નિર્માણ
મુખ્યાલય : શાસ્ત્રી નગર, દિલ્હી-૧૧૦૦૩૧. ફોન : ૦૧૧-૩૨૬૭૪૧૨૬.
info@srsinternational.org www.srsinternational.org